Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

July 15, 2023
Pg.2

# પ્રોજેક્ટ હસ્તકલા સેતુ યોજનાને પ્રતિષ્ઠિત સ્કોચ એવોર્ડ હેઠળ 'ગોલ્ડ' મેડલ મળ્યો

ગાંધીનગર : ગુજરાત સરકારના કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશ્નરેટ (CCRI) દ્વારા શરૂ કરાયેલ અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા અમલમાં મૂકવામાં આવેલી પ્રોજેક્ટ હસ્તકલા સેતુ યોજનાને SKOCH એવોર્ડથી સન્માનિત કરાઈ છે. આ પ્રોજેક્ટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની શ્રેણી હેઠળ ગોલ્ડ મેડલ જીત્યો છે. હસ્તકલા યોજના માટે રાજ્ય સરકારની કેટેગરી હેઠળ અરજી કર્યા બાદમાં રાજ્ય સરકારના 42 પ્રોજેક્ટને શોર્ટલિસ્ટ કરાયા હતા. હસ્ત કલા સેતુ પ્રોજેક્ટના કારણે પરંપરાગત કલા અને હસ્તકલા ક્ષેત્રમાં ગ્રામીણ આંત્રપ્રિન્યોર્શિપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન મળે છે. એવોર્ડ વિશે વાત કરતા સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગોના સેક્રેટરી અને કમિશ્નર પ્રવિણ સોલંકી (આઈએએસ)એ જણાવ્યું હતું કે, "કારીગરોને હસ્તકલા અને હેન્ડલૂમ વારસાથી મળે છે. આ હસ્તકલાઓનું સંવર્ધન કરવાની જવાબદારી આપણી છે." તેમજ EDIIના ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું કે, "પ્રોજેક્ટ હસ્તકલા હેઠળ તેમની કુશળતા અને જ્ઞાન વધારવા, નવા બજારો આપવા અને ગ્રાહકો સુધી સરળતાથી પહોંચી શકાય તે માટે ઉદ્યોગસાહસિકોને મદદ કરે છે."



## આ અવોર્ડ સર્વોચ્ચ નાગરિક સન્માન છે

સ્કોચ એવોર્ડ એ ભારતનું સર્વોચ્ચ સ્વતંત્ર નાગરિક સન્માન છે. તમામ નોમિનેશન સખત મૂલ્યાંકન પ્રક્રિયામાંથી પસાર થાય છે અને આ પ્રક્રિયા ચાર મહિના સુધી ચાલે છે. વર્ષ 2003માં સ્થપાયેલ સ્કોચ એવોર્ડ સમાજમાં યોગદાન આપવામાં તેમની અસાધારણ સિદ્ધિઓ માટે લોકો, પ્રોજેક્ટ્સ અને સંસ્થાઓને નવાજે છે.